# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૨/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **ગરબડી ઈવીએમ મશીનમાં નહિં પરંતુ કોંગ્રેસના મગજમાં છે : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી**
- **ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કામગીરી કરનાર પક્ષના અદના કાર્યકરોનું સન્માન કરતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી**
- **ઈવીએમ મશીનની ચકાસણી ઈટલી ખાતે કરાવી લો પરંતુ ગુજરાતનું પરીણામ તો યુપી જેવું જ આવશે : કોંગ્રેસને પડકાર ફેંકતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી**
- **ભાજપ કાર્યાલયથી સભા સ્થળ સુધી ખુલ્લી જીપમાં બાઈક રેલી સાથે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ લોકોનું અભિવાદન ઝીલ્યું.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણીલક્ષી કામગીરી કરી ભારતીય જનતા પાર્ટીના વિજયમાં સિંહફાળો આપનાર અદના કાર્યકરોનું ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઉધના બી.આર.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા

આ ''ઉત્તર ભારતીય કાર્યકર્તા સન્માન સંમેલન''માં ખાસ હાજર રહેલા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસની માનસિકતા ઉપર આકારા પ્રહારો કરતા જણાવ્યું કે યુપી વિધાનસભાનું રીઝલ્ટ આવ્યાને આટલો સમય થઈ ગયો છતા હજુ સુધી કોંગ્રેસીઓ હાર પચાવી શક્યા નથી અને ઈવીએમ મશીનનો વાંક કાઢી રહ્યા છે. ગરબડી ઈવીએમ મશીનમાં નથી પરંતુ કોંગ્રેસીઓના મગજમાં છે. કોંગ્રેસને પડકાર ફેંકતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થવાની છે અને ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી થવાની છે ત્યારે યુપી જેવું જ પરીણામ ભારતીય જનતા પાર્ટીને મળશે. ગુજરાતમાં ૧૫૦ કરતા વધુ સીટો ભારતીય જનતા પાર્ટીને મળવાની છે ત્યારે કોંગ્રેસ અત્યારથી જ ઈવીએમ મશીન જ્યાં ઈચ્છે ત્યાં ચકાસણી કરાવી શકે છે. જો કોંગ્રેસની ઈચ્છા હોય તો ઈટલી ખાતે પણ ઈવીએમ મશીનની ચકાસણી કરાવી લે. પરંતુ પરીણામ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં જ આવશે. કારણ કે ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટી સાથે છે. દેશના સર્વાધિક લોકપ્રિય પ્રધાનમંત્રી અને ગુજરાત તથા ભારતના સપૂત એવા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને બહારની વ્યક્તિ હોવાનું ઉલ્લેખ કરીને કોંગ્રેસે સૌથી મોટી ભૂલ કરી હતી. વિદેશી કુળના તો આ કોંગ્રેસીઓ છે. ઈટલીના ચશ્મા પહેરીને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને બહારની વ્યક્તિ ગણાવનાર કોંગ્રેસને યુપીની જનતાએ બહારનો રસ્તો દેખાડી દીધો હતો. ફક્ત બહારનો રસ્તો જ નહી પરંતુ કોંગ્રેસને યુપીમાંથી નેસ્તનાબૂદ કરી નાખી છે તે બદલ યુપીની જનતાનો તથા યુપીની ચૂંટણીમાં કામગીરી કરનાર સુરતના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

એક સમયે ગુંડાઓથી ઓળખાતા યુપીની આજે ઓળખ બદલાઈ રહી છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉત્તરપ્રદેશની જનતાને એવા મુખ્યમંત્રી આપ્યા છે કે આજે ગુંડાઓ યુપી છોડીને ભાગી રહ્યા છે. દિલ્હી મેં મોદી, યુપી મેં યોગી અને ભાજપામાં અમિતભાઈ શાહ નવા સિમાચિન્હો સર કરી રહ્યા છે. એક સમયે આપણે વિદેશીઓની ભાષા બોલતા હતા, તેમનું અનુકરણ કરતા હતા પરંતુ આજે વિદેશીઓ આપણી ભાષા બોલતા થયા છે, આપણું અનુકરણ કરતા થયા છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પણ નરેન્દ્રભાઈના સૂત્ર ''સબ કા સાથ, સબ કા વિકાસ''ને અપનાવ્યું છે. જ્યારે હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી જીતવા માટે નરેન્દ્રભાઈનું સૂત્ર ''અબ કી બાર ટ્રમ્પ

સરકાર'' અપનાવીને ભવ્ય જીત મેળવી હતી. આમ નરેન્દ્રભાઈના પગલે આજે વિદેશમાં ભારતી હાંક અને શાખ ઉભી થઈ છે અને ભારત ફરીથી એક વાર વિશ્વગુરૂ બનવા જઈ રહ્યું છે.

જય જય શ્રીરામના નારા સાથે વધુમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે રામ મંદિર ફક્ત અમારો નારો નથી પરંતુ રામ મંદિર અમારા માટે આસ્થા અને શ્રધ્ધાનું પ્રતિક છે. ''મંદિર વહીં બનાયેંગે, જહાં રામલલ્લા બેઠતે હૈ''. રામ મંદિરનું નિર્માણ કાયદા–કાનૂન મુજબ કરવામાં આવશે.

પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ઉત્તર ભારતીય સમાજના લોકોને સંબોધન કરતા જણાવ્યું કે વર્ષોથી ભારતમાતાને વિશ્વગુરૂ બનાવવા માટે આપણે જે સપનું સેવી રહ્યા હતા તે સપનું હવે પૂર્ણ થવા જઈ રહ્યું છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરીબો, શોષિતો, વંચિતો, મહિલાઓ, યુવાનો માટેની જે સંવેદના સભર યોજનાઓ હતી જેનું પરીણામ યુપીમાં મળ્યું છે. ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

ભાજપ કાર્યાલયથી સભા સ્થળ સુધી ખુલ્લી જીપમાં બાઈક રેલી સાથે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. બાઈક રેલીમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, દંડક શ્રી અજયભાઈ ચોકસી, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સુરત શહેરના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, સુરત શહેરના મહામંત્રીશ્રીઓ, હોદેદારશ્રીઓ, યુવા મોરચા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રીઓ/ મહામંત્રીશ્રીઓ સહિતના પદાધિકારીઓ, ઉત્તરપ્રદેશના સમાજ અગ્રણીશ્રીઓ, યુવા મોરચા અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.